શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેક્સ: ૨૩૨૩૨૪૩૬, E-mail: gecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. 1800 233 7965

**ક્રમાંક : એસએસએ/ટીટી/(હક રજા)૧૩/૧૯૪૨૫–૫૨૭** **તા. ૦૨.૫.૧૩**

**પ્રતિ,**
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લો : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

**વિષય : વર્ષ ૨૦૧૩–૧૪ માં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વેકેશન દરમ્યાન શિક્ષક તાલીમ લેનાર શિક્ષકોને પ્રાપ્ત રજા(હક રજા) મળવા અંગે.**

**સંદર્ભ : (૧) પત્રક્રમાંક ન : પનસ–૭–૮૭–૮૮, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુ.રા.જુના સચિવાલય,બ્લોક નં–૧૨/૧ તા. –૬–૮૭**
**(૨) પત્રક્રમાંક : ૨૯–પનસ–૭–૮૭–૮૮–૭–ગુજ–૯૭૫૩–૭૪, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગુ.રા.જુના સચિવાલય,બ્લોક નં–૧૨/૧ તા.૧૮–૯–૮૭**
**(૩) પરિપત્ર ક્રમાંક : પીઆરઈ–૧૧૨૦૦૦–૭૧૨–ક,સચિવાલય, તા.૫.૪.૨૦૦૦**
**(૪) અત્રેની કચેરીનો પત્રક્રમાંક : એસએસએ/બીઆરસી વેકેશન રજા/૦૪/૧૩૬૮૧–૭૧૧**
**(૫) એસએસએ/ટીટી/૧૩/૯૦૭૩–૯૧૨૧ તા.૭.૩.૧૩**

**શ્રીમાન,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ : ૨૦૧૩–૧૪ માં શિક્ષક સેવાકાલીન તાલીમનું આયોજન ઉનાળુ વેકેશન દરમ્યાન ૫ થી ૮ જુન–૨૦૧૩ દરમ્યાનની ૪ દિવસની શિક્ષક સેવાકાલીન(૩ દિવસ બ્લોક અને ૧ દિવસ કલસ્ટર)તાલીમ, પ્રજ્ઞા શિક્ષક તાલીમ ૩ દિવસની યોજાનાર છે તથા દિવાળી વેકેશન દરમ્યાન ૨ દિવસની બ્લોક અને ૧ દિવસની કલસ્ટરકક્ષાની તાલીમ તથા પ્રજ્ઞાની સંભવિત ૧ અથવા ૨ દિવસની તાલીમ યોજાનાર છે.

વેકેશન દરમ્યાન શિક્ષકોને તાલીમમાં ઉપસ્થિત રાખવાના થતાં હોઈ, વેકેશન દરમ્યાનની તાલીમમાં જેટલા દિવસ હાજરી/કામગીરી કરે તેટલા દિવસો સામે નીચે મુજબના વિકલ્પ–(૧) અથવા (૨) પૈકી જે વિકલ્પ સ્વીકારે, તે પ્રકારની રજા તે શિક્ષકને આપવાની રહેશે.

આ માટે તાલીમના છેલ્લા દિવસે તાલીમાર્થી પાસે વિકલ્પ ફોર્મ ભરાવીને તદ્અનુસાર રજા આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

<u>વિકલ્પ–(૧)</u> વેકેશનમાં જેટલા દિવસ હાજરી આપે તેટલા દિવસની વળતર રજા તેમને જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન એટલે કે જુન–૨૦૧૩ થી એપ્રિલ/મે–૨૦૧૪ સુધીમાં ભોગવવાની થાય.

<u>વિકલ્પ–(૨)</u> વેકેશનમાં જેટલા દિવસ હાજરી આપેલ હોય/તાલીમ લીધેલ હોય તેમને બી.સી.એસ.આર/ જી.સી.એસ.આર નિયમોની જોગવાઈઓ તથા શિક્ષણ વિભાગના પરિપત્રક્રમાંક : પીઆરઈ– ૧૧૨૦૦૦– ૭૧૨–ક, સચિવાલય,

www.shixan.in

ગાંધીનગર તા.૫.૪.૨૦૦૦ અનુસાર મળવાપાત્ર રજાઓ, જે તે શિક્ષકની સેવાપોથીમાં નોંધીને જમા કરાવી શકાય અને આ રજાઓ હક રજા તરીકે જે તે શિક્ષક ભોગવી શકે.

**ઉદાહરણ તરીકે,**

(૧) ઉનાળું વેકેશનમાં ૪ દિવસની તાલીમ સામે ૨.૧૧ દિવસની પૂર્ણાંક રજા ૨ દિવસની પ્રાપ્ત રજા નીચે મુજબના સુત્ર અનુસાર આપવા પાત્ર બને છે.

ઉનાળુ વેકેશન દરમ્યાન, કુલ ૪ દિવસ માટે વળતર રજા નીચે મુજબ મળી શકે. ઉનાળુ વેકેશન માટે,

પ્રાપ્ત રજા = વેકેશન ભોગવવાની છુટ આપવામાં ન આવી હોય તો તે દિવસોની સંખ્યા / કુલ વેકેશનના દિવસોની સંખ્યા X ખરેખર નોકરી ફરજનો સમય / ૩૬૫ X 30 / ૨

= 4 દિવસ / 35 દિવસ X 225 / 365 X 30 / 1 = 27000 / 12775 = 2.11 દિવસ મળવાપાત્ર પ્રાપ્ત રજા

(૨) દિવાળી વેકેશનમાં ૩ દિવસની તાલીમ સામે ૨.૬૪ દિવસની પૂર્ણાંક રજા ૩ દિવસની પ્રાપ્ત રજા આપવાપાત્ર બને છે.

**દિવાળી વેકેશન માટે,**

= 3 દિવસ / 21 દિવસ X 225 / 365 X 30 / 1 = 20250 / 7665 = 2.64 દિવસ મળવાપાત્ર પ્રાપ્ત રજા

આમ તાલીમાર્થી જેટલા દિવસ તાલીમમાં ઉપસ્થિત રહે, તેટલા દિવસની સામે મળવાપાત્ર પ્રાપ્ત રજા ઉપરની સુત્ર આધારે અપૂર્ણાંકમાં મળે તો તેવા સંજોગોમાં ૦.૫ કે તેથી વધુ અપૂર્ણાંક માટે ૧ દિવસ મળવાપાત્ર પ્રાપ્ત રજા મુજબની ગણતરી કરીને, તેટલી રજાઓ સેવાપોથીમાં ઉધારવા જણાવવામાં આવે છે.

નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ અનુમતિ અન્વયે.

(જે.એલ.દાસા)
ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

www.shixan.in

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ, શિક્ષણ વિભાગ, બ્લોક નં–૫/૭ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૫/૮ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- પ્રતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, જિલ્લા : તમામ
- નિયામકશ્રી,જીસીઈઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ તથા આપની કક્ષાએથી ડીપીઈઓશ્રીને આ બાબતે ઘટિત કાર્યવાહી કરવા સુચના આપવા સારૂ :**

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ જયભારત સહ રવાના જાણ સારૂ :**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા : તમામ.
- ઓઆઈસી–તમામ, સદર કચેરી.

**નકલ રવાના જાણ અર્થે :**

- પ્રમુખશ્રી, ગુજરાત રજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, 'ચાણક ભવન', ગાંધીનગર.